www.kamalamgujarat.com

Wednesday
04.11.2020

✳Volume :5 ✳ Issue No. 78

Email.: kamalamgujarat@gmail.com

✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

વંદે માતરમ્ 

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

### આઠ બેઠકો પર શાંતિપૂર્ણ રીતે મતદાન પૂર્ણ, સૌથી ઓછું ધારીમાં ૪૨.૧૮ ટકા મતદાન

# પેટાચૂંટણી: આઠ બેઠકો પર ૫૭.૭૮ ટકા મતદાન,સૌથી વધુ ડાંગમાં ૭૪ ટકા

### મતદાનની વાત કરવામાં આવે તો ડાંગમાં ૭૪.૭૧, કપરાડામાં ૬૪.૩૪, કરજણમાં ૬૫.૯૪, અબડાસામાં ૫૭.૭૮, લીંબડીમાં ૫૬.૦૪, મોરબીમાં ૫૧.૮૮, ગઢડામાં ૪૭.૮૬ અને ધારીમાં ૪૨.૧૮ ટકા મતદાન નોંધાયુ છે



કમલમ દૈનિક, ગાંધીનગર, કોરોના મહામારીના સંકટ વચ્ચે ગુજરાતની વિધાનસભાની ૮ બેઠકોમાં અબડાસા, લીંબડી, મોરબી, ધારી, ગઢડા, ડાંગ, કપરાડા તથા કરજણ બેઠકની પેટાચૂંટણી માટેનું મતદાન પૂર્ણ થઈ ગયુ છે. હાલ લખાઈ રહ્યું છે ત્યારે આ સમયે આઠ બેઠકોનું કુલ મતદાન ૫૭.૭૮ ટકા થયું છે. આ પેટાચૂંટણીમાં કુલ ૮૧ ઉમેદવારોનું ભાવિ મતદાન પેટીમાં સીલ થઈ ગયુ છે. કોંગ્રેસના ધારાસભ્યોએ આપેલાં રાજીનામાં બાદ ખાલી પડેલી વિધાનસભાની આઠ બેઠકોને લઈને આજે આ પેટાચૂંટણી યોજાઈ હતી. ૧૦ નવેમ્બરે આઠ બેઠકના ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવશે.

ત્યારે વાત કરવામાં આવે તો ગુજરાતની વિધાનસભાની પેટા ચૂંટણીમાં સૌથી વધુ ડાંગમાં અને સૌથી ઓછુ ધારીમાં નોંધાયુ છે. ડાંગમાં ૭૪.૭૧, કપરાડામાં ૬૪.૩૪, કરજણમાં ૬૫.૯૪, અબડાસામાં ૫૭.૭૮, લીંબડીમાં ૫૬.૦૪, મોરબીમાં ૫૧.૮૮, ગઢડામાં ૪૭.૮૬ અને ધારીમાં ૪૨.૧૮ ટકા મતદાન નોંધાયુ છે. આ સાથે સૌથી ઓછું ધારીમાં ૪૨.૧૮ ટકા મતદાન નોંધાયુ છે.

આ પેટા ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસના મુખ્ય રાજકીય પક્ષોના હરીફ ઉમેદવારોની સાથોસાથ કુલ ૮૧ ઉમેદવાર ચૂંટણીના મેદાનમાં છે. રાજ્યસભાની ચૂંટણી તથા ત્યારબાદ કોંગ્રેસના ધારાસભ્યોના રાજીનામાના કારણે આ બેઠકો ખાલી પડી હતી. આ વખતની પેટા ચૂંટણીમાં મોટાભાગે કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયેલા સભ્યો ઉમેદવાર હોવાથી સતત રાજકીય સ્થિરતા, વિકાસ, પક્ષપલ્ટુ, વિશ્વાસઘાત જેવા આક્રમક મુદા ચર્ચામાં રહ્યાં હતા.

મોરબીમાં ૨૦ જગ્યાએ ઈવીએમમાં ખરાબી જોવા મળી હતી, જેના કારણે તાત્કાલિક ધોરણ તમામ ઈવીએમને બદલવામાં આવ્યા હતા. આ દરમિયાન મોહબીના કોંગ્રેસના ઉમેદવાર જેંતિભાઈએ દાવો કર્યો હતો કે તેઓ ૨૦,૦૦૦થી વધુના મતની લીડથી જીત હાંસલ કરશે.

મોરબીની માળીયા વિધાનસભા પેટા ચૂંટણીમાં પત્નીની અંતિમક્રિયા બાદ પતિ મતદાન મથક પોતાના મતાધિકારનો ઉપીયોગ કરી લોકશાહીના પર્વનું ખાસ ધ્યાન રાખ્યું હતું. બગસરા ગામના ચંદુભાઈ અખિયાણી પત્નીની અંતિમવિધિ કરીને તેઓ મતદાન કરવા પહોંચ્યા હતા અને તેમણે માળીયાના બગસરા ગામે મતદારે મતાધિકારની ફરજ નિભાવી હતી. ચંદુભાઈની પત્નીનું આજે અકસ્માતમાં અવસાન થયુ હતું.

| સીટ | મતદાન(ટકામાં) |
|---|---|
| ડાંગ: | ૭૪.૭૧ % |
| અબડાસા: | ૫૭.૭૮ % |
| ધારી: | ૪૨.૧૮ % |
| મોરબી: | ૫૧.૮૮ % |
| કપરાડા: | ૬૩.૯૬ % |
| કરજણ: | ૬૫.૯૪ % |
| લીંબડી: | ૫૬.૦૪ % |
| ગઢડા: | ૪૭.૮૬ % |

# પ્રધાનમંત્રીએ વિયેનામાં થયેલા આતંકી હુમલાની નિંદા કરી





કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિયેનામાં થયેલા ભયંકર આતંકી હુમલાની નિંદા કરી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે "વિયેનામાં થયેલા ભયાનક આતંકી હુમલાથી ભારે આઘાત અને દુ:ખ થયું. આ દુ:ખદ સમયમાં ભારત ઓસ્ટ્રિયાની સાથે છે. મારી સંવેદના પીડિતો અને તેમના પરિવારો સાથે છે."

# અબડાસા વિધાનસભા પેટા ચુંટણી નિર્વિને પાર પાડવા બદલ કેશુભાઈ પટેલે આભારની લાગણી વ્યકત કરી

### અબડાસાની જનતા પ્રદ્યુમનસિંહના પ્રેમનું સવાયું વળતર આપી વિજયી બનાવશે



કમલમ દૈનિક,

અબડાસા વિધાનસભા પેટા ચૂંટણીના મતદાન બાદ કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલે સમગ્ર ચુંટણી પ્રક્રિયા સંપૂર્ણ બંધારણીય ઢબે શાંતિ પૂર્વક અને નિર્વિને પરિપૂર્ણ થતા ચુંટણીપંચ , સંલગ્ન વહીવટી તંત્રો , પોલીસ જવાનો , આરોગ્ય કર્મીઓ તેમજ સુરક્ષા દળો તથા પળ પળની સચોટ માહિતી જનતા સુધી પહોંચાડવામાં જેમનો સિંહફાળો છે એવા મીડીયાકર્મીઓનો ખાસ આભાર વ્યકત કર્યો હતો . સરહદી વિસ્તાર અબડાસાના મતદારોએ આજરોજ જે રીતે ઉમળકાભેર મતદાન પ્રક્રિયા સંપન્ન કરી હતી ત્યારે કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી કેશુભાઈ પટેલે પ્રદ્યુમનસિંહ જાડેજાને અબડાસાની પ્રજાનું આ પ્રચંડ જન સમર્થન જણાવી અબડાસાવાસીઓ પ્રદ્યુમનસિંહની ગત ત્રણ વરસની શ્રેષ્ઠ અને સમતોલ કામગીરીના બદલામાં આ વખતે સવાઈ સરસાઈ આપીને વિજયી વળતર આપશે એવો દમદાર દાવો રજૂ કર્યો હતો . કેશુભાઈ પટેલના જણાવ્યા મુજબ અબડાસાની ખમીરવંતી પ્રજાએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના નેત્રદિપક નેતૃત્વ તેમજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સંવેદનશીલ શાસનમાં અતૂટ વિશ્વાસ દર્શાવીને ત્રણ વરસના લેખા જોખાને અંતે પ્રદ્યુમનસિંહ જાડેજાની કામગીરીને પણ બખૂબી વધાવી છે અને અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારના અદના આદમીથી માંડીને ઉજળીયાત વર્ગ સુધી સૌ કોઈ શ્રી જાડેજાની કામગીરીથી સંતુષ્ટ છે અને પ્રભાવિત છે ત્યારે અબડાસાનું હિત સદાય જેને હૈયે વસેલું છે એવા રૈયતના હમદર્દ સમાન સાચા જનસેવકને અબડાસાની જનતા આ વખતે વ્યાજ સાથેનું વિજયરૂપી વળતર ચૂકવશે એમાં હવે તલભાર પણ સંશય નથી . આજરોજ અબડાસા મત વિસ્તારમાં વહેલી સવારથી જ સ્વયંભૂ રીતે મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉત્સાહ વર્તાતો હતો જે લોકોની જાગૃતિ અને બંધારણીય પ્રક્રિયામાં વિશ્વાસ દર્શાવે છે . મતદાતાઓ ખરા અર્થમાં દેશના ભાગ્ય નિર્માતા છે ત્યારે અબડાસાવાસીઓને મતદાન પ્રક્રિયામાં જોડાવા બદલ કેશુભાઈ પટેલે અંતઃકરણ પૂર્વકની આભારની લાગણી વ્યકત કરી હતી . આ પેટા ચુંટણીને નિર્વિને અને નખશીખ તટસ્થતા પૂર્વક સંપન્ન કરાવવા બદલ ચુંટણીપંચ અને વહીવટી તંત્રો સહિત હાલમાં પ્રવર્તી રહેલી કોરોનાની મહામારીને લીધે આરોગ્ય તંત્રના કર્મયોગીઓનું યોગદાન પણ ખૂબ પ્રશંસાને પાત્ર રહ્યું છે . સાથો સાથ લોકોએ પણ સજાગતા દર્શાવીને સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ પુરતું સોશ્યલ ડીસ્ટન્સીંગ જાળવીને સાવધાની પૂર્વક મતદાન કર્યુ એ બદલ અબડાસાની જનતા પ્રત્યે પણ તેમણે હદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો . આ પેટા ચુંટણીને સફળ બનાવવા માટે ચૂંટણીપંચ સાથે કલેકટર , આર.ટી.ઓ. , એસ.ટી. નિગમ , પી.જી.વી.સી.એલ સહિતના તમામ વહીવટી તંત્રો અને સરકારી એકમોનો પણ તેઓએ ખાસ આભાર માન્યો હતો . સમગ્ર પ્રક્રિયાને બિલકુલ ભયરહિત અને શાંતિમય બનાવવામાં જેઓએ સમગ્ર દિવસ દરમ્યાન ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો એવા સૌ જાંબાઝ સુરક્ષાકર્મીઓ અને પોલીસ અધિકારીઓ પ્રત્યે પણ તેમણે ખૂબ અહોભાવની ભાવના દર્શાવી હતી . લોકશાહીના સ્તંભમાં ચોથી જાગીર ગણાતી મીડીયાના સભ્યોએ પણ લોકશાહીના સાચા સાધક બનીને પ્રજાજનો સુધી ક્ષણે ક્ષણની નિષ્પક્ષ અને સચોટ માહિતી પહોંચાડી હતી ત્યારે આવા સૌ પ્રિન્ટ મીડીયા અને ઈલેકટ્રોનીક મીડીયાના ભાઈઓ પ્રત્યે પણ તેમણે ખાસ કૃતન ભાવ દર્શાવી આભાર માન્યો હતો . અંતમાં તેમણે મહિનાઓથી અવિરત , અવિરામપણે મહેનત કરતા કચ્છ જિલ્લા ભાજપ પરિવારના તમામ માનવંતા મોવડીઓ , વડીલો , સંગઠનના હોદેદારો , ચુંટાયેલા પ્રતિનિધીઓ , વિવિધ સેલ / મોરચાના પદાધિકારીઓ તથા ભાજપની ઉજળી પ્રણાલીના વાહક એવા સૌ કર્મનીષ્ઠ કાર્યકરોની વિશાળ ફોજનો પણ અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડીયા ઈન્ચાર્જ ઘનશ્યામ રસીકલાલ ઠકકરની યાદીમાં જણાવાયું હતું .

### ખેડૂતોને ગેરમાર્ગે દોરી પાયાવિહોણા નિવેદનો કરવાનું કોંગ્રેસ બંધ કરે

# દેશભરમાં એક માત્ર ગુજરાતે મહેસૂલ વિભાગમાં ક્રાંતિકારી નિર્ણયો ધ્વારા જનહિતકારી પગલાં લઈ મહેસૂલી પ્રક્રિયાઓમાં સરળીકરણ કર્યુ : મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ

### ઓનલાઈન ખેડૂત ખાતેદાર પ્રમાણપત્રની પ્રક્રિયા કાર્યરત થતા આજ સુધીમાં રાજ્યમાં કુલ ૨૫૧૯ ઓનલાઈન અરજીઓ આવી : વેચાણ નોંધ વખતે પણ ઓનલાઈન પ્રમાણપત્રના બદલે ધારણ કરેલી જમીનોના ૭/૧૨ અને હકપત્રકની નોંધો પરથી પણ ખરાઈ થઈ શકે છે



કમલમ દૈનિક,

મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે ખેડૂત ખાતેદાર ખરાઈના પ્રમાણપત્ર અંગે કોંગ્રેસના પ્રવકતા ધ્વારા કરાયેલ નિવેદનને સખત શબ્દોમાં વખોડતા જણાવ્યું છે કે, ખેડૂતોને ગેરમાર્ગે દોરી પાયાવિહોણા નિવેદનો કરવાનું કોંગ્રેસે બંધ કરવું જોઈએ. ખેડૂતોના ખભે બંદૂક મુકીને પાયાવિહોણા નિવેદનો કરવા એ કોંગ્રેસની નીતિ બની ગઈ છે ત્યારે ખેડૂતો તેમના આવા નિવેદનોથી ભરમાવવાના નથી તેવો અમને દ્રઢ વિશ્વાસ છે.

તેમણે ઉમેર્યુ કે, દેશભરમાં એક માત્ર ગુજરાત જ એવુ રાજ્ય છે કે જેણે મહેસૂલ વિભાગમાં ક્રાંતિકારી નિર્ણયો ધ્વારા અનેકવિધ જનહિતકારી પગલાં લઈ મહેસૂલી પ્રક્રિયાઓનું સરળીકરણ કર્યુ છે જેના લાભો લાખો નાગરિકો-ખેડૂતો ટેકનોલોજીના માધ્યમ દ્વારા ઘરઆંગણે મેળવી રહ્યા છે. કોંગ્રેસના આવા પાયાવિહોણા, હાસ્યાસ્પદ અને ભ્રામક નિવેદનો એમને શોભતા નથી. રાજયની સંવેદનશીલ અને પારદર્શક સરકાર રાજયના ખેડૂતોની હંમેશા સાથે છે અને રહેશે જ. મહેસૂલ મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, તા.૩૧/૭/૨૦૨૦ થી ઓનલાઈન ખેડૂત ખાતેદાર પ્રમાણપત્રની પ્રક્રિયા શરૂ થઈ તે દિવસથી આજ સુધીમાં રાજયમાં કુલ ૨૫૧૯ ઓનલાઈન અરજીઓ આવેલ છે. ઉપરાંત વેચાણ નોંધ વખતે પણ ઓનલાઈન પ્રમાણપત્રના બદલે ધારણ કરેલી જમીનોના ૭/૧૨ અને હકપત્રકની નોંધો પરથી પણ ખરાઈ થઈ શકે છે. મહેસૂલ મંત્રીશ્રી પટેલે કહ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે, મહેસૂલી તંત્રમાં ટેકનોલોજીના ઉપયોગથી તથા કાયદાકીય પ્રક્રિયાઓના સરળીકરણ ધ્વારા રાજયના તમામ નાગરીકોની હંમેશા કાળજી લીધી છે. ભારતભરમાં ગુજરાત રાજયએ એકમાત્ર એવું રાજય છે જયાં, મહેસૂલ વિભાગમાં આટલા બધા ક્રાંતિકારી નિર્ણયો ધ્વારા લોકો માટે મહેસૂલી પ્રક્રિયાઓમાં સરળીકરણ કરવામાં આવ્યું હોય. તેમણે ઉમેર્યુ કે, રાજયમાં ખેતીની જમીન ખરીદવા માટે, ખરીદનારનું, ગુજરાતના ખેડૂત હોવું જરૂરી છે. બિનખેડૂતો ખેતીની જમીન ન ખરીદી શકે તેવું કોર્ટ ધ્વારા પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આવા સંજોગોમાં જયારે અન્ય તાલુકામાં જમીન ખરીદવી હોય તો, અગાઉ, જે જગ્યાએ જમીન ધારણ કરેલી હોય તે તમામના ૭/૧૨, હકપત્રકની નોંધો અને ૮-અ ( ખાતાવહી ) ની બે નકલો જમીન ખરીદનારે રજુ કરવી પડતી હતી. મહેસૂલી મંજૂરીઓમાં પણ ખેડૂત ખાતેદાર હોવાના પુરાવા ઓનલાઈન રજુ કરવાના હોય છે. નકલો મેળવવા માટે તથા પ્રમાણપત્ર મેળવવા માટે ખાતેદારોએ મહેસૂલી કચેરીઓએ ન જવું પડે તે માટે જ મહેસૂલ વિભાગ ધ્વારા ખેડૂત ખાતેદાર પ્રમાણપત્રની પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવેલ છે. ખાતેદાર ઘેરબેઠાં જ ઓનલાઈન અરજી કરીને માત્ર એક સોગંધનામુ જ અપલોડ કરવાનું હોય છે અને અરજી દીઠ માત્ર રૂા.૨૦૦૦/- ની ફી ઓનલાઈન જમા કરાવવાની પ્રક્રિયા નિયત કરવામાં આવેલ છે. જિલ્લા કક્ષાએ ઈ-ધરા ફંડમાં જમા થયેલ ફી ના નાણાંનો ઉપયોગ કલેકટરની અધ્યક્ષતામાં નિમાયેલ સમિતિ ધ્વારા ટેકનોલોજીના ઉપયોગથી પ્રક્રિયાઓનું સરળીકરણ કરવા માટે મંજૂર કરવામાં આવે છે. જયારે રાજયની ભાજપ સરકાર ખેડૂતોની સવલત માટે ટેકનોલોજી ધ્વારા સરળીકરણ કરી રહી છે ત્યારે કોંગ્રેસ ધ્વારા રાજયના ખેડૂતોને ભ્રમિત કરવા માટે આવા નિવેદનો કરવામાં આવે છે જે બિલકુલ યોગ્ય નથી.તેમણે ઉમેર્યુ કે, ખાતેદારના પ્રમાણપત્રની રાજયના તમામ ખેડૂતોને હંમેશા જરૂરિયાત નથી હોતી. જયારે જમીન ખરીદવી હોય ત્યારે જ જરૂર પડે છે તેમ છતાં કોંગ્રેસ ધ્વારા રાજયના ૫૫ લાખ ખેડૂતોએ જાણે જમીન વેચી નાખવાની હોય તેવા નિવેદનો કરીને ૫૫૦ કરોડ રૂપિયાની ખોટી વાતો કરી છે અને કોંગ્રેસ ધ્વારા ખોટી ગણતરીઓ દર્શાવીને રાજયના ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનું કામ કરવામાં આવી રહ્યુ છે તે વ્યાજબી નથી. કોંગ્રેસના આવા હાસ્યાસ્પદ નિવેદનો અને ભ્રામક ગણતરીઓથી ગુજરાતના ખેડૂતો અંજાવાના નથી કેમ કે વરસાદથી પાકને થયેલ નુકસાન માટે રાજય સરકારે રૂા.૩૭૦૦ કરોડનું કૃષિ પેકેજ જાહેર કર્યુ છે અને સરવે થયેલ ગામોમાં ચૂકવણી પણ શરૂ થઈ છે તે ખેડૂતો જાણે છે.

# પ્રધાનમંત્રીએ પ્રખ્યાત વાયોલિનવાદક શ્રી ટી.એન. ક્રિષ્ણનના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો





કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પ્રખ્યાત વાયોલિનવાદક શ્રી ટી.એન. ક્રિષ્ણનના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "પ્રખ્યાત વાયોલિનવાદક શ્રી ટી.એન. ક્રિષ્ણનના અવસાનથી સંગીતની દુનિયામાં મોટી ખોટ પડી છે. તેમની કૃતિઓ આપણી સંસ્કૃતિની વિવિધ સંવેદનાની હારમાળાઓ અને ભાવનાઓને સમાવી લે છે. તેઓ યુવા સંગીતકારો માટે ઉત્તમ માર્ગદર્શક પણ હતા. તેમના પરિવાર અને પ્રશંસકો પ્રત્યે સંવેદના. ઓમ શાંતિ."

## તંત્રી સ્થાનેથી......

કોવિડ-૧૯ સામેની જંગમાં ભારતે કેટલાક સીમાચિહ્નરૂપ મુકામ પ્રાપ્ત કર્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા પુષ્ટિ થયેલા પોઝિટીવ કેસની સંખ્યા ૪૦,૦૦૦થી ઓછી નોંધાઈ છે. ૧૫ અઠવાડિયા (૧૦૫ દિવસ) પછી દૈનિક ધોરણે નવા કેસની સંખ્યા ૩૮,૩૧૦ નોંધાઈ છે. અગાઉ ૨૨ જુલાઈ ૨૦૨૦ના રોજ એક દિવસમાં નવા ૩૭,૭૨૪ કેસ નોંધાયા હતા. ભારતમાં દરરોજ કોવિડમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ સાજા થઈ રહ્યાં છે અને મૃત્યુદરમાં નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે, તેમજ સક્રિય કેસની સંખ્યામાં એકધારો ઘટાડો થવાનું વલણ જળવાઈ રહ્યું છે. અન્ય એક સિદ્ધિરૂપે, સક્રિય કેસની સંખ્યામાં ધરખમ ઘટાડો થતા ૫.૫ લાખથી નીચે આ આંકડો પહોંચી ગયો છે. દેશમાં કુલ સક્રિય કેસની સંખ્યા હવે માત્ર ૫,૪૧,૪૦૫ રહી છે જે અત્યાર સુધીમાં નોંધાયાલે કુલ કેસમાંથી ફક્ત ૬.૫૫% છે. સમગ્ર દેશમાં વ્યાપકધોરણે અને સતત ઘણી મોટી સંખ્યામાં પરીક્ષણો, તાત્કાલિક અને અસરકારક સર્વેલન્સ અને ટ્રેકિંગ, ત્વરિત હોસ્પિટલાઈઝેશન અને કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રમાણભૂત સારવારના પ્રોટોકોલના અસરકારક અનુપાલન માટે કેન્દ્ર દ્વારા તૈયાર કરવામાં આવેલી વ્યૂહનીતિનું રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારો દ્વારા ચુસ્ત પાલન કરવામાં આવી રહ્યું હોવાથી તેમજ સૌના સહિયારા અને કેન્દ્રિત પ્રયાસોના લીધે આ પ્રોત્સાહક પરિણામો પ્રાપ્ત થઈ રહ્યાં છે. દેશના તમામ ભાગોમાં સંક્રમિત દર્દીઓને સારવાર આપવા માટે નિઃસ્વાર્થ ભાવે સેવા આપી રહેલા ડૉક્ટરો, પેરામેડિકલ સ્ટાફ અને અગ્ર હરોળમાં કામ કરી રહેલા તમામ કર્મચારીઓને કોવિડ-૧૯ યોદ્ધાઓના યોગદાનના કારણે પણ આ પરિણામો પ્રાપ્ત કરવામાં મદદ મળી છે. સક્રિય કેસની સંખ્યામાં સતત ઘટાડાની સાથે સાથે સાજા થનારા દર્દીઓની સંખ્યામાં પ્રચંડ વૃદ્ધિના કારણે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૭૬ લાખ કરતાં વધુ (૭૬,૦૩,૧૨૧) નોંધાઈ છે. સક્રિય કેસ અને સાજા થયેલા કેસ વચ્ચેનો તફાવત આજે ૭૦ લાખનો આંકડો પાર કરી ગયો છે અને આજે આ સંખ્યા ૭૦,૬૧,૭૧૬ સુધી પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૫૮,૩૨૩ નોંધાઈ છે. આ સાથે રાષ્ટ્રીય રિકવરી દર વધીને ૯૧.૯૬% સુધી પહોંચી ગયો છે. નવા સાજા થયેલા કેસમાંથી ૮૦% દર્દીઓ ૧૦ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી હોવાનું નોંધાયું છે. દૈનિક ધોરણે નવા સાજા થયેલા દર્દીઓ મામલે મહારાષ્ટ્ર ટોચે છે જ્યાં એક દિવસમાં ૧૦,૦૦૦થી વધુ દર્દી સાજા થયા છે જ્યારે ૮,૦૦૦થી વધુ દર્દી સાજા થવા સાથે કર્ણાટક બીજા ક્રમે છે. નવા પુષ્ટિ થયેલા પોઝિટીવ કેસમાંથી ૭૪% દર્દીઓ ૧૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. નવા નોંધાયેલા કેસ મામલે કેરળ, દિલ્હી અને મહારાષ્ટ્ર ટોચે છે જ્યાં દૈનિક ધોરણે ૪,૦૦૦થી વધુ કેસ નોંધાયા છે જ્યારે ત્યારબાદ ૩,૦૦૦થી વધુ કેસ સાથે પશ્ચિમ બંગાળ છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૪૯૦ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. આમાંથી લગભગ ૮૦% દર્દીઓ દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. મહારાષ્ટ્રમાં એક દિવસમાં સૌથી વધુ મૃત્યુ (૧૦૪ મૃત્યુ) નોંધાયા છે. ભારતમાં મૃત્યુદર ૧.૪૯% થઈ ગયો છે.

# વિરમગામ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુમરખાણ ખાતે મેડીકલ કેમ્પ યોજાયો

## કોરોના વૈશ્વિક મહામારીથી બચવાના ઉપાયો અંગે જનજાગૃતિ કરવામાં આવી








કમલમ દૈનિક,
વંદના નીલકંઠ વાસુકિયા દ્વારા વિરગમામ

અમદાવાદ જિલ્લાના તમામ જિલ્લા સદસ્યની બેઠક દીઠ મેડીકલ કેમ્પનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલુ છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના નળકાંઠા વિસ્તારમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુમરખાણ ખાતે મંગળવારે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આરોગ્ય સમિતીના ચેરમેન જગદીશભાઈ મેણીયા, વિરમગામ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ મફાભાઈ ભરવાડના વરદહસ્તે દિપપ્રાગટ્ય કરીને કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. આ મેડિકલ કેમ્પમાં સગર્ભા બહેનોની આરોગ્ય ચકાસણી તથા લેબોરેટરી તપાસ કરવામાં આવી હતી. ધન્વંતરી રથમાંથી ગ્રામજનોને આયુર્વેદિક/ હોમિયોપેથીક દવાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કોરોના વૈશ્વિક મહામારીથી બચવાના ઉપાયો અંગે જનજાગૃતિ કરવામાં આવી હતી. શંકાસ્પદ દર્દીઓના એન્ટીજન કીટથી સ્થળ ઉપર જ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. મેડીકલ ઓફિસર ડૉ. રાકેશ ભાવસાર દ્વારા જનરલ ઓપીડીમાં પ્રાથમિક સારવારને લગતા તમામ દર્દીઓની તપાસ કરીને નિઃશુલ્ક દવા આપવામાં આવી હતી. આ ઉપરાંત આરબીએસકે ડોક્ટર દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકોનું સ્ક્રિનીંગ કરવામાં આવ્યુ હતુ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુમરખાણ ખાતે આયોજિત મેડિકલ કેમ્પમાં કુલ ૨૫૨ દર્દીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.

## ટાકાટુકા દૂધ ઉત્પાદક સહકારી મંડળી ના સભાસદો ને ખાંડ અને ચા નું સાબરડેરી ના ચેરમેન ની ઉપસ્થિત માં વિના મૂલ્ય વિતરણ કરાયું



કમલમ દૈનિક, અરવલ્લી

કોરોના મહામારી અને ચોમાસુ સિઝન માં ખેડૂતો ને નુકશાની અને કપરા સમય માં મદદરૂપ થવા ના હેતુસર ભિલોડા તાલુકા ના ટાકાટુકા ગામે દૂધ મંડળી ના સભાસદો ને બે કિલો ખાંડ અને એક કિલોગ્રામ ચા વિના મૂલ્યે તમામ સભાસદો ને સાબરડેરી અને અમુલ ફેડરેશનના ચેરમેનશ્રી શામળભાઈ પટેલ સાબરકાંઠા સહકારી બેંક ના વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી તેમજ સાબરડેરી ભિલોડા વિસ્તાર ના ડિરેકટર જેશિંગભાઈ ની વિશેષ ઉપસ્થિત માં કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમ ટાકાટુકા દૂધ મંડલી ના ચેરમેન શામલભાઈ પટેલ અને સેક્રેટરી નારાયણભાઈ પટેલ દ્વારા આયોજિત કરાયો હતો ચાલુ વર્ષે કોરોના મહામારી માં દિવાળી ને અનુલક્ષીને બે કિલો ખાંડ અને એક કિલો ચા મફત વિતરણ કરાયું હતું

# મંજલ અને દેવપર-૨ ના મતદાન મથકોની મુલાકાત લેતા ઓબ્ઝર્વરશ્રી ધમેન્દ્રસિંઘ




કમલમ દૈનિક, ભુજ,

આજરોજ ચાલી રહેલ ૦૧ અબડાસા મતવિસ્તાર પેટા ચુંટણી ૨૦૨૦માં નખત્રાણા તાલુકાના મંજલ પરના ૩૫૫ અને ૩૫૬ તેમજ દેવપર-૨ ના કુલ-૩ ૩૪૩,૩૪૪ અને ૩૪૪-એ બુથ મથકની જાત માહિતી કચ્છ જિલ્લા ચુંટણી ઓબ્ઝર્વરશ્રી ધમેન્દ્રસિંઘે લીધી હતી. મતદાન મથકોની મુલાકાત દરમ્યાન તેમણે નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ની ગાઈડલાઈન્સની ચકાસણી કરી હતી મતદાન મથકોમાં કામગીરીને નિહાળી હતી. દેવપર ખાતે ઓબ્ઝર્વરશ્રીએ વિગતે માહિતી મેળવી હતી. કુલ ૪ બુથમાં ૨૪૭૪ મતદાતાઓ આજે દેવપર ખાતે મતદાન કરવાના છે. કોવીડ ગાઈડલાઈન અનુરૂપ મતદાતા મતદાન કરી રહયા છે. આ માટે ઓબ્ઝર્વરશ્રીએ મંજલ પર પણ જાત માહિતીથી ચકાસ્યું હતું. એચ.પારેખ/મિતેશ મોડાસીયા/ સીદીક કેવર ૦ ૦ ૦ ૦ સમાચાર સંખ્યાઃ ૧૩૨૬ ૧-અબડાસા વિધાનસભા પેટા ચુંટણી-૨૦૨૦ દરેક જણે મતદાન કરવું જોઈએ - વાસાણી હેમાની પ્રથમવાર મતદાન ભુજ, મંગળવારઃ વિથોણ ગામની વાસાણી હેમાની મહેન્દ્રભાઈ છું. પ્રથમ મતદાન કર્યાનો મને આનંદ છે અને દરેક જણે મતદાન કરવું જોઈએ. નખત્રાણાના વિથોણ ગામે પ્રથમવાર મતદાન કરવા આવેલ ૨૧ વર્ષના હિમાનીબેન મતદાન કરવાનો પોતાનો આનંદ વ્યકત કરતાં આમ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, અબડાસા મતવિસ્તારમાં પ્રથમવાર કુલ ૫૩૪૭ મતદાતા મતદાર કરી રહયા છે.

## મોડાસા ખેતીવાડી ઉત્તપન્ન બજાર સમિતિ ના ચેરમેન પદે રાજુભાઈ છગનભાઈ પટેલ બિન હરીફ વરણી થતા ખુશીનો માહોલ ,ફુલહાર પહેરાવવા શુભેચ્છકો ઉમટયા




કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લાના સૌથી મોટા મોડાસા માર્કેટયાર્ડમાં ચેરમેનની અઢી વર્ષ માટે ટર્મ પુરી થતાની સાથે સહકારી રાજકારણ ગરમાયુ હતું રાજ્ય નિયામક દ્વારા માર્કેટયાર્ડમાં બાકી રહેલ અઢી વર્ષના ટર્મ માટે ૩ જી નવેમ્બરે મીટિંગ યોજાવાની જાહેરાત કરતાની સાથે ચેરમેન પદ મેળવવા માટે ચૂંટણી થશે કે પછી બોર્ડ ડિરેક્ટર ચેરમેન પદ માટે સર્વાનુમતે નક્કી થશેની ચર્ચાઓ વચ્ચે મંગળવારે મોડાસા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે આનંદપુરા કંપાના સહકારી અગ્રણી રાજુભાઈ પટેલ બીન હરીફ વરણી કરવામાં આવતા સહકારી માળખામાં હર્ષની લાગણી છવાઈ હતી. મોડાસા માર્કેટયાર્ડમાં મહીસાગર જીલ્લા રજિસ્ટ્રારના અધ્યક્ષ સ્થાને મંગળવારે બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠક યોજાઈ હતી જેમાં માર્કેટયાર્ડના ચેરમેન પદે રાજુભાઈ છગનભાઈ પટેલની બિનહરીફ વરણી થતાની સાથે તેમના શુભેચ્છકો સામાજિક અગ્રણીઓએ મોટી સંખ્યામાં માર્કેટયાર્ડમાં ઉમટી પડ્યા હતા અને ફુલહાર પહેરાવી મોં મીઠું કરાવ્યું હતું માર્કેટયાર્ડ ચેરમેન તરીકે બીન હરીફ વરણી થતા રાજુભાઈ પટેલે તમામ ડિરેકટર્સ અને શુભેચ્છકોનો આભાર માન્યો હતો

# માત્ર મહિલાઓ દ્વારા સંચાલિત ૫ સખી મતદાન મથકો

## નખત્રાણા ખાતે કોવીડ-૧૯ની ગાઈડ લાઈન પ્રમાણે વિવિધ વિભાગોની મહિલાઓએ સંચાલિત કર્યા સખી મતદાન મથકો




કમલમ દૈનિક, ભુજ,

અબડાસા મતવિસ્તારમાં આજે ચાલી રહેલા મતદાનમાં નખત્રાણા ખાતે કુલ પાંચ સખી મતદાન મથકો માત્ર મહિલાઓ દ્વારા સંચાલિત કરાયા છે. પ્રિસાઈડીંગ ઓફિસર, પોલીંગ ઓફિસર તેમજ આરોગ્ય અને પોલીસના વિભાગોની મહિલાઓએ મહિલા સશકિતકરણને સાર્થક કરતા જોવા મળી રહયા છે. આદર્શ મતદાન મથક નખત્રાણા ખાતે શિક્ષણ અને આંગણવાડીની મહિલાઓ સંચાલિત સખી મતદાન મથકમાં નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ની ગાઈડલાઈન મુજબ કામગીરી કરી રહયા હતા. ૩૧૭ નખત્રાણા બુથના પ્રિસાઈડીંગ ઓફીસર મુમતાઝબેન ખોજા આ કામગીરીને વધાવે છે. ત્યાં કામ કરનારી મહિલાઓ આ કામગીરીથી ઉત્સાહિત છે અને ચુંટણી કામગીરીનો આનંદ વ્યકત કરે છે. નવાવાસ વિસ્તાર માટે સખી મતદાનમથક ૩૧૭માં આઈસીડીએસ, શિક્ષણ, મીડ-ડે મીલ આરોગ્ય અને પોલીસ વિભાગની મહિલાઓ દ્વારા સંચાલિત સખી બુથમાં પણ ઉત્સાહપૂર્વક ચુંટણી કામગીરી જોવા મળી છે. નખત્રાણામાં ૩૧૧, ૩૧૮ બુથ સરકારી કોલોની ખાતે પણ સખી મતદાન મથક મહિલાઓ સંચાલિત કરી રહી છે. એક સખી મતદાન મથક પૈકી પાંચ મહિલા તેમજ કોવીડ-૧૯ની ચકાસણી અને સુરક્ષા કર્મી તરીકે મહિલાઓ પણ સક્રિય છે એમ ચુંટણી રૂટ નં.૩૭ના ઝોનલ ઓફિસરશ્રી વી.એમ.ચૌધરી જણાવે છે. આવનારા પુરૂષ મતદાતાઓ પણ ચુંટણી પંચના આ સ્તુત્ય પગલાને હર્ષભેર આવકારી રહયા છે એમ પ્રિસાઈડીંગ ઓફિસર દિપ્તીબેન અગ્રાવત જણાવે છે. ૬૦ વર્ષિય આદમભાઈ કુંભાર જણાવે છે કે, મહિલાઓ દ્વારા સંચાલિત આ સખી મતદાન મથકો આવકારદાયક અને વખાણવાલાયક પગલું છે. મહિલાઓ પણ સરસ રીતે સમજાવટથી વોટીંગ કામ કરાવી રહી છે.

# મતદાન કરવું જ પડે ને....! વોટ



## બાતલ ના જાય...સગર્ભા લુહાર કેશરબેન-શ્રવણભાઈ

કમલમ દૈનિક, ભુજ,

મતદાન કરવું જ પડે તે......! વોટ બાતલ ના જાય......... આઠ માસના સગર્ભા લુહાર કેશરબેન શ્રવણભાઈ આત્મ વિશ્વાસથી આ વાત કહે છે. નિરક્ષર એવા આ સગર્ભા યુવતીને તબીબી બેડરેસ્ટ, પથારી પર આરામ કરવાનું સુચન કર્યુ છે. પણ પોતાના વોટની કિંમત સમજતાં અને આસપાસના વાતાવરણને જાગૃતિપૂર્વક જાણતા કેશરબેન જણાવે છે કે, મતદાન કરવું જ જોઈએ આપણો એક મત સાચા ઉમેદવારને પસંદ કરવામાં મોટો ભાગ ભજવે છે. નખત્રાણાની વૃંદાવન સોસાયટીમાંથી પોતાના પાડોશી બેન સાથે આવેલા આ કેશરબેનમાં મતદાતાનો અનેરો થનગનાટ જોવા મળે છે અને લાગે છે સાચે જ લોકશાહી મતદારોથી જ જીવંત છે ફરી કેશરબેનના શબ્દોમાં જ કહું..... મતદાન કરવું જ પડે વોટ બાતલ ના જાય.......

# ઉમેદવાર શ્રી જે.વી.કાકડિયા અને શ્રી સુરેશ કોટડીયાએ મતદાન કર્યું






કમલમ દૈનિક,

અમરેલી જિલ્લામાં શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાનનો પ્રારંભ ૯૪-ધારી વિધાનસભા પેટાચૂંટણી ૨૦૨૦ અન?વયે આજે મતદાનનો શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થઈ ચૂક્યો છે. ધારી મતવિસ્તારમાં મતદારો ઉત્સાહભેર મતદાન કરી રહ્યા છે. ઉમેદવાર શ્રી જે.વી.કાકડિયાએ ચલાલા પરા શાળા ખાતે અને ઉમેદવાર શ્રી સુરેશ કોટડીયાએ કુબડાની પ્રાથમિક શાળા ખાતે સમગ્ર પરિવાર સાથે મતદાન કર્યુ હતું. ધારી વિધાનસભા મતવિસ્તારમાં સવારથી જ મતદારો મતદાન કરી રહ્યા છે. ધારી વિધાનસભા મતવિસ્તારમાં ૧,૧૩,૩૫૧ પુરુષ મતદારો અને ૧,૦૪,૨૩૮ સ્ત્રી મતદારો એમ કુલ મળી ૨,૧૭,૫૯૫ મતદારોની સંખ્યા નોંધાયેલી છે.

# નવયુગલે લગ્નના માંડવેથી સીધા મતદાન મથકે પહોંચી મતદાન કર્યું





કમલમ દૈનિક,

મોરબી ચૂંટણીનું પર્વ ઉજવવા માટે મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને આ મહાપર્વની ઉજવણી કરી મત આપવાનું પવિત્ર કાર્ય કરે છે. મત આપવો એ આપણી નૈતિક ફરજ છે ત્યારે મોરબી વિધાનસભાની પેટા ચૂંટણી વેળાએ મતદાનના દિવસે જ અહીંના ભડીયાદ ગામમાં રહેતા રમેશભાઈ મકવાણાની પુત્રી જાગૃતિના લગ્ન નિર્ધાર્યા હતા. જોગાનુજોગ મતદાનના દિવસે જ તેમના લગ્ન હોવા છતાં તેઓએ પોતાની ફરજ અદા કરી હતી. મોરબી માળીયા વિધાનસભાનાં મતવિસ્તારમાં આવેલ ભડીયાદ ગામમાં આવેલ જવાહર સોસાયટીમાં રહેતા રમેશભાઈ મકવાણાની પુત્રી જાગૃતિ સજોડે લગ્નના દિવસે જ લગ્નના માંડવે થી સીધા જ મતદાન મથકે આવીને મતદાન કર્યું હતું. આ નવદંપતિ લગ્નના પહેરવેશ અને સજજામાં મતદાન મથકે પહોંચતા અન્ય મતદારો અને મતદાર મથકના કર્મચારીઓ પણ પ્રભાવીત થયા હતા. નામ એવા જ ગુણ ફેલાવતી નવવિવાહિતા જાગૃતિએ લગ્નમંડપથી સીધા મતદાન મથકએ મતદાન કરી મતદારોમાં ફેલાવેલી જાગૃતિને ગ્રામજનોએ પણ આવકારી હતી.

# પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા)ની કામગીરીની સમીક્ષા કરતાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નેહા કુમારી




કમલમ દૈનિક, લુણાવાડા

જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નેહા કુમારીના અધ્યક્ષસ્થાને મહીસાગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત ચાલતાં કામોની પ્રગતિ તથા આત્મનિર્ભર ભારત યોજના હેઠળ ચાલતી કામગીરીની સંબંધિત અધિકારીઓ સાથે તાજેતરમાં સમીક્ષા બેઠક યોજાઇ ગઇ. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નેહા કુમારીએ સંબંધિત અધિકારીઓ પાસેથી વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) હેઠળ મંજૂર કરવામાં આવેલ આવાસોની પ્રગતિ વિશે જાણકારી મેળવી આ કામગીરી સમયમર્યાદા માં પૂર્ણ થાય તે જોવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. જયારે આત?મનિર્ભર ભારત યોજના પર ચર્ચા કરી સંબંધિત અધિકારીઓને માર્ગદર્શન પુરૂં પાડયું હતું. આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન?સીના નિયામકશ્રી, સંતરામપુર, ખાનપુર અને કડાણા તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ અને તલાટીશ્રીઓ ઉપસથિત રહ્યા હતા.

# મારા થકી જો કોઈ એક વ્યક્તિ પણ કોરોના મુક્ત થાય તો, એક તબીબ તરીકેનું જીવન જીવી ગયાનો મને આત્મસંતોષ મળે છે" -

## રાજકોટ સિવિલ હોસ્પિટલ અને સમરસ હોસ્ટેલમાં હ્દયરોગ સહિતની ગંભીર બીમારી ધરાવતા ૨૫૦થી વધુ કોરોનાગ્રસ્ત દર્દીને કોરોના મુક્ત કરતા ડો.હર્ષિલ શાહ



કમલમ દૈનિક,

કોરોના વાયરસ મુખ્યત્વે શ્વસનતંત્ર અસર કરે છે. સંક્રમિતોમાં ઓકસીજન લેવલ સતત ઘટતું જાય છે. કોરોના વાયરસથી સંક્રમિત ઘણા દર્દીઓમાં શ્વાસ લેવામાં તકલીફ જોવા મળી રહી છે. આ સ્થિતિ નિવારવા માટે નિષ્ણાંત તબીબો દ્વારા અનેક પ્રયોગ સાથે દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. જેના સારા પરિણામો પણ પ્રાપ્ત થઈ રહ્યા છે. તેવા જ પ્રયોગના ભાગરૂપે શરૂ કરાયેલી પ્રોન થેરાપીથી આજે કોરોના સંક્રમિત ઘણા દર્દીઓને રાહત મળવાની સાથે તેમની તબિયતમાં સુધારો જોવા મળી રહ્યો છે. જેના પગલે હવે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કોવિડ-૧૯ના દર્દીઓને પબ્લિક એડ્રેસ સિસ્ટમના માધ્યમથી સમૂહમાં એક સાથે પ્રોન થેરાપીથી સારવાર આપવામાં આવી રહી છે. ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલ અને સમરસ હોસ્ટેલ બન્નેમાં સમયાંતરે કાર્યરત ડો.હર્ષિલ શાહે હ્દયરોગ, પેરેલિસિસ, પાર્કિસન્સ, થાઈરોઈડ, ડાયાબિટીઝ અને બ્લડપ્રેશર જેવી ગંભીર બીમારી ધરાવતા ૨૫૦થી વધુ કોરોનાગ્રસ્ત દર્દીને કોરોના મુક્ત બનાવવામાં અગત્યની ભૂમિકા નિભાવી છે. મેડીસીન વિભાગમાં કાર્યરત ડો.હર્ષિલ શાહ પોતાની કામગીરી વિશે જણાવે છે કે" હું લોકડાઉનથી આજ દિન સુધી કાર્ય કરી રહ્યો છું, સમયાંતરે મને સિવિલ હોસ્પિટલ અને સમરસ હોસ્ટેલમાં ડ્યુટી સોંપવામાં આવે છે, જયારે પાર્કિસન્સ, ડાયાબિટીસ કે હ્દયરોગ જેવી બીમારીઓ ધરાવતા દર્દીઓને કોરોના થાય ત્યારે તે વધુ ભયભીત થઈ જાય છે, માટે અમે તેમના ગંભીર રોગને અનુલક્ષીને યોગ્ય દવા આપી પહેલા તો તેને નિયંત્રણમાં લાવીએ છીએ.ત્યારબાદ દર્દીઓને માનસિક હૂંફ પુરી પાડીએ છીએ. અહીં નકારાત્મકતા સાથે આવતા દર્દીઓને અમે સારવારની સાથે કાઉન્સેલિંગ કરી તેઓ ઝડપથી સાજા થાય તે માટેના તમામ પ્રયાસો કરીએ છીએ. અમારી એવી જ ભાવના હોય છે કે, અહીં આવેલા પ્રત્યેક દર્દી ઝડપથી સાજા થઈને સુખરૂપ તેમના ઘરે જાય. મૂળ તો હું દર્દીઓના આહાર અને વિહાર અંગે યોગ્ય માર્ગદર્શન પ્રદાન કરી અને દવાઓના નિયમીત ઉપચાર સાથે તેના ડરને દૂર કરવાનો પ્રયત્ન કરું છું,, તેમાંય જે દર્દીઓને વધારે ઓકસીજન આપવાની જરૂરિયાત હતી તેવા દર્દીઓને પ્રોન થેરાપીથી સારવાર આપવાથી આશરે છેલ્લાં પાંચ દિવસમાં ૧૦૦ જેટલા દર્દીઓને રજા આપી શક્યા છીએ. અને માસ પ્રોનિંગ થેરાપી આપવાથી દર્દીઓના સ્વાસ્થ્યમાં ઝડપભેર સુધારો થઈ રહ્યો છે. દર્દીઓ સીધા સુવાની જગ્યાએ બેઠા રહે, પડખાભેર સુવે, ઉંધા સુવે તો દર્દીઓના જે ફેંફસા જ ઝકડાય ગયા છે તે ઝડપથી ખૂલી જાય છે. મને દર્દીઓની આ પ્રકારે સેવા કરવાથી મારું જીવન સાર્થક થયાની અનુભૂતિ થાય છે. મારા થકી જો કોઈ એક વ્યક્તિ પણ કોરોના મુક્ત થાય તો, એક તબીબ તરીકેનું જીવન જીવી ગયાનો મને આત્મસંતોષ મળે છે" અત્રે ઉલ્લેખનીય છે કે પોતાના કાર્યકાળ દરમિયાન ડો.હર્ષિલે ૨૫૦ થી વધુ કોરોનાગ્રસ્ત દર્દીને કોરોના મુક્ત બનાવવામાં અને પ્રોન થેરાપી થકી દર્દીઓના ઓક્સિજન લેવલને કંટ્રોલ કરવામાં અગત્યની ભૂમિકા નિભાવી અદા કરી છે.

# મોડાસા સબજેલમાં ફૂટયો 'કોરોના બોમ્બ',વિસ્ફોટ : ૧૩૮ કેદીમાંથી રેપીડ ટેસ્ટમાં ૭૧ કેદીઓ કોરોનાંગ્રસ્ત, આરોગ્ય તંત્રમાં દોડધામ



કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે મોડાસા શહેરમાં ૩૦૦ જેટલા દર્દીઓ કોરોનાના સંક્રમણો ભોગ બન્યા છે મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલી સબજેલમાં કાચા અને પાકા કામના ૧૩૮ કેદીઓ રાખવામાં આવ્યા છે જેમાંથી એક સાથે ૭૧ કેદીઓને કોરોના રેપીડ ટેસ્ટ પોઝિટિવ આવતા વહીવટી તંત્ર સતર્ક બન્યું છે.ત્યારે દિવસે દિવસે વધી રહેલા કોરોના સંક્રમણ જોતા લોકોએ હાલ સાવચેતી રાખવાની જરૂર છે. અરવલ્લી જીલ્લામાં કોરોના કેસોનો આકડો સતત વધી રહ્યો છે સરકારી ચોપડે કોરોનાના દર્દીઓની ૫૯૫ પર પહોંચી છે બીજી તરફ શિયાળાની શરૂઆત થતા કોરોના રેપિડ પોજીટીવ કેસો પણ વધી રહ્યા છે.

હાલ જિલ્લામાં રોજના ૧૦૦ જેટલા રેપીડ પોજીટીવ કેસો સામે આવી રહ્યા છે ત્યારે જીલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે આવેલી સબ જેલના ૧૩૮ કેદીઓના આજે કોરોના રેપીડ ટેસ્ટ કરાવ્યા હતા. જે પૈકી ૭૧ કેદીઓને રેપીડ પોજીટીવ આવતા હડકંપ મચ્યો છે જેલ અધિકારીઓ અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા જેલના કેદીઓને મોડાસા અને વાત્રક કોવીડ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં અવ્યા છે. બીજી તરફ જેલમાં અડધો અડધ કેદીઓનો રેપિડ કોરોના ટેસ્ટ પોઝેટીવ આવતા જેલને આરોગ્ય તંત્ર દ્વારા સેનેટાઈઝેશનની કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. સબજેલમાં આરોગ્ય તંત્ર દ્વારા સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે ઉલ્લેખનીય છે કે જેલમાં એક કેદીને રવિવારે તાવ શરદીની તકલીફ થયા બાદ તેનો ટેસ્ટ પોઝિટિવ આવતા જેલ અધિકારી અને આરોગ્ય વિભાગ દ્વારા જેલના બધાજ કેદીઓના ટેસ્ટ કરાવવાનું નકી કરાયા બાદ ટેસ્ટી કામગીરી હાથ ધરવામાં આવતા આ ચોકાવનારી વિગત સામે આવી છે જેના પગલે જીલ્લા આરોગ્ય વિભાગ પણ સતર્ક બન્યું છે


# મોડાસા તાલુકા ના તખતપુરા ગામે ખેતર માંથી ૪૮ છોડ સાથે નશાની ખેતી કરનાર ખેડૂતને એસઓજી પોલીસે ઝડપ્યો



કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર સતત નશાના કારોબાર કરનાર અસામાજીક તત્વો સામે ગાળીયો કસ્યો છે જીલ્લામાં એસઓજી પોલીસે નશાની ખેતી ઝડપી પાડી હતી જીલ્લામાં ગાંજાનું વ્યસન પણ મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે શહેરી વિસ્તારમાં યુવાનો ગાંજાની લતે ચઢી બરબાદીની ગર્તામાં ધકેલાઈ રહ્યા છે જીલ્લામાં ગાંજાના બંધાણીઓ ખેતરમાં કે ઘરની આજુબાજુ એકાદ બે છોડ વાવી નશાને સંતોષતા હોય છે ત્યારે એસઓજી પોલીસે મોડાસા તાલુકાના તખતપુરા ગામેથી કપાસની ખેતીની આડમાં ખેતરમાં ગાંજાના વાવેતરનો પર્દાફાશ કરી ૪૮ નાના મોટા તાજા લીલા છોડ સાથે ૪૬ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી સુરજી થાવરાભાઈ અસારીને ઝડપી પાડી એનડીપીએસ એક્ટ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અરવલ્લી એસઓજી પીઆઈ જે.પી.ભરવાડ અને તેમની ટીમે પેટ્રોલીંગમાં હતી એસઓજી હેડકોન્સ્ટબલ કલ્પેશસિંહને તખતપુરા ગામે સુરજી અસારીએ તેના ખેતરમાં કપાસની ખેતીની આડમાં ગેરકાયદેસર ગાંજાની ખેતી કરી રહ્યો હોવાની બાતમી મળતા એસઓજી પોલીસે એફએસલ અધિકારી,પંચો સાથે રાખી રેડ કરી કપાસના ખેતરમાં શોધખોળ હાથધરતા કપાસના વાવેતર કરેલ ખેતરમાં કપાસની વચ્ચે થોડા થોડા અંતરે ગેરકાયદેસર ઉછેરેલ ૪૮ છોડ મળી આવતા એસઓજી પોલીસે ૪૮ છોડ કીં.રૂ.૪૬૬૩૦/- નો જથ્થો જપ્ત કરી નશાની ખેતી કરનાર સુરજી થાવરાભાઈ અસારીની ધરપકડ કરી કરી એનડીપીએસ એક્ટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# બસના ટાયર આધેડ પર ફરી વળતા કમકમાટી ભર્યું મોત : ધનસુરાના નજીક એસટી બસે મોપેડને ટક્કર મારતા કડૂચાલો વળ્યો



કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓ સતત બની રહી છે ખાનગી વાહનચાલકોની માફક એસટી બસના ચાલકો બેફામ ગતિએ બસ હંકારી રહ્યા હોવાની બૂમો વચ્ચે ધનસુરા નજીક એસટી બસે મોપેડ ને અડફેટે લેતા મોપેડના ફુરચેફુરચા નીકળી ગયા હતા એસટી બસના ટાયર મોપેડ સવાર આધેડ પર ફરી વળતા ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અકસ્મતની ઘટનાના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે મૃતકની લાશને પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ધનસુરાની સ્વામિનાયારણ સોસાયટીમાં રહેતા વસંત ભાઈ મોપેડ લઈ કામકાજ અર્થે ઘરેથી નીકળ્યા હતા બાયડ-ધનસુરા રોડ પર આવેલ હોટલ નજીક પસાર થતા હતા ત્યારે બાયડ થી અંબાજી તરફ જતી બસના ચાલકે બસ ગફલતભરી રીતે હંકારી મોપેડને ધડાકાભેર ટક્કર મારતા વસંતભાઈ રોડ પર પટકાયા હતા મોપેડ અને વસંતભાઈ પર ટાયર ફરી વળતા બંનેનો કડૂચાલો વળી ગયો હતો વસંતભાઈ નામના વ્યક્તિનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી એસટી બસની ટક્કરે આધેડનું મોત નિપજતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટયા હતા અકસમાતની ઘટનાની જાણ ધનસુરા પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી એસટી બસ ચાલક વિરુદ્ધ અકસમાતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# સિવિલના ઈ.એન.ટી. વિભાગની વિશિષ્ટ કામગીરી ૬૨ વર્ષના માડીને આંખ, નાક અને મગજમાં ફેલાયેલ જીવલેણ ફંગસને દૂર કરી નવજીવન બક્ષ્યું





## ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા, ડાયાબિટીસના દર્દીઓને ફંગસ કે અન્ય ઈન્ફેક્શન જીવલેણ બની શકે છે – ડો. સેજલ મિસ્ત્રી

કમલમ દૈનિક,

અમરાપુરના ૬૨ વર્ષના માડી લાભુબેન વાંછાણીને આંખે દેખાતું બંધ થઈ જતા ખાનગી દવાખાનામાં દેખાડતા ઓપરેશન કરી એક આંખ કાઢવી પડશે તેમ જણાવાયું હતું. માજીની તકલીફ જોતા એકવાર સિવિલમાં દેખાડવા નું નક્કી કર્યું તેમ તેમ આખી વાત કરતા તેમના પુત્ર રસિકભાઈ વાંછાણી સિવિલની સારવાર બાદ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી નવજીવન મળ્યાનો સુખદ અનુભવ જણાવતા કહે છે. અહીંના તજજ્ઞ ડોક્ટર્સ સેજલમિસ્ત્રી, ડો. મોનીલ પરસાણા, ડો. પરેશ, ડો. ઉર્વશી ગોહિલ અને ટીમ દ્વારા લાભુબેનની તબિયત જોઈ આંખ, દુરબીનથી નાકની તપાસ કરી. તેમનુ સીટી સ્કેન અને એમ આર આઈ કર્યું, જેમાં ફંગસ ઈન્ફેક્શન જોવા મળ્યું. જેનો ફેલાવો વધી ગયો હોઈ એન્ટી ફંગલ ટ્રીટમેન્ટ શરુ કરી. ડો. પરસાણા જણાવે છે કે, ઈન્ફેક્શનના કારણે તેમની આંખના ડોળાની મુવમેન્ટ ચાલી ગયેલી ને વિઝન પણ. તેમના મગજમાં ફેલાયેલી ફંગસને ઓપરેશન દ્વારા સેક્શન કરી એન્ટી ફંગલ ટ્રીટમેન્ટ પંદર દિવસ સુધી કરી, લાભુબેનની હિંમત અને શારીરિક તંદુરસ્તીને કારણે તેમને કોઈ સાઈડ ઈફેક્ટ નો થઈ જે ખુબ સારી વાત કહેવાય. આંખની રોશની હજુ પાછી આવી નથી પણ પ્રકાશ અનુભવી શકે છે, તેમજ પેરાલીસીસ ની અસરમાંથી મુક્ત થયા છે. ડો. સેજલ મિસ્ત્રી જણાવે છે કે, ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા, આંખ, નાક કે કાનમાં નાખવામાં આવતા સ્ટીરોઈડના ડ્રોપ્સ વધારે પડતા લેવાથી તેમજ ખાસ કરીને ડાયાબિટીસ કંટ્રોલ બહાર જતું રહે ત્યારે ફંગસ કે વાઈરસ થકી આંખ, નાક, કાન તેમજ શરીરના અન્ય ભાગમાં ઈન્ફેક્શન થવાની સંભાવના રહે છે. જે અંગોને મોટુ નુકસાન પહોંચાડે છે. સમય જતા લોહીમાં ક્લોટિંગ થયે લોહોની નળી બ્લોક થઈ જાય તેમજ હદય અને મગજને નુકસાન કરે છે. લાભુબેનને યોગ્ય સમયે સારવાર મળી જતા તેમને અન્ય ગંભીર બીમારી થતા રોકી શકવામાં અમે સફળ રહ્યા છે. રાજકોટ સિવિલના ઈ.એન.ટી વિભાગમાં ફંગસ કે વાઈરસ સંક્રમિત દર્દીઓ મહિને એક થી બે જેટલા આવતા હોઈ છે. જો સમયસર તેમની સારવાર કરવામાં આવે તો શરીરના અન્ય અંગોને નુકશાનથી બચાવી શકાય છે, અન્યથા તે અંગો સર્જરી કરી દૂર કરવા પડે છે. કેટલાક કેસમાં દર્દીને પેરેલિસિસ પણ થઈ જતું હોવાની સંભાવના રહેલી છે ત્યારે સમયસર નિદાન કરાવતા રહેવા ડો. સેજલ ખાસ સંદેશ પાઠવે છે. રાજકોટ સિવિલ ખાતે જરૂરિયાતમંદ લોકોની નિઃશુલ્ક સારવાર થકી અનેક દર્દીઓને નવજીવન મળ્યું છે.

# સિવિલ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવારના કર્મયોગની સાધનામાં કાર્યરત કર્મયોગી ફ્લોર મેનેજરની આયોજનબદ્ધ ટીમ

## ફ્લોર મેનેજર ડો.મહેશ ત્રાંગળીયાએ કોરોનાગ્રસ્ત થયા બાદ, કોરોનામુક્ત થતા પૂર્વવત ફરજ જોડાઈને બે વાર કર્યું પ્લાઝ્મા ડોનેટ



કમલમ દૈનિક,

કોરોના સંકર્મણની શરૂઆતથી જ રાજય સરકાર દ્વારા તબ્બકાવાર આરોગ્યની ઘનિષ્ઠ સારવાર સૌ કોઈને મળી રહે તે માટે માઈક્રો પ્લાનીંગ કરાયું હતું. જે અન્વયે રાજકોટમાં પણ કોરોના સંદર્ભે પર્યાપ્તમાત્રામાં બેડની, ઓકસીજન અને વેન્ટીલેટર સહિત તમામ આધુનિક સારવાર માટેના સાધનોથી સજ્જ બેડ ધરાવતી હોસ્પીટલો ઉપલબ્ધ કરાવાઈ હતી.જે અન્વયે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ઉભી કારાયેલ કોવીડ-૧૯ ખાતે કાર્યરત તબીબો તાલીમબધ્ધ નર્સો સહિતના આરોગ્યકર્મીઓ કોરોનાગ્રસ્ત દર્દીનારાયણની નિસ્વાર્થ સેવા કરી તેઓને સ્વસ્થ અને તંદુરસ્ત બનાવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. કોવીડ-૧૯ ખાતે દાખલ થતા તમામ દર્દીઓને સઘન સારવાર મળે અને સારવારમાં સરળતા રહે તે માટે કરાયેલ ખાસ માઈક્રો પ્લાનીંગ અન્વયે તમામ સ્ટાફને નિશ્ચિત કામગીરી રોટેશન મુજબ ફાળવવામાં આવી છે. દરેક સ્ટાફ પોતાની કામગીરીને સુપેરે નિભાવી શકે તે માટે હોસ્પીટલના દરેક ફલોર પર તમામ સ્ટાફની દેખરેખ અને મેનેજમેન્ટ માટે ખાસ ફલોર મેનેજરો તરીકે તજજ્ઞ તબિબોને ફરજ સોંપવામાં આવી છે. લોકડાઉનથી આજદિન સુધીમાં ફોરેન્સિક મેડિસનમાં સહપ્રાધ્યાપ એવા ડો.મહેશ ત્રાંગળીયાએ તેઓના કાર્યાનુભવ વિશે જણાવ્યું હતું કે," પહેલા મારી ડ્યુટી ફલોર મેનેજર તરીકે હતી, મારું મુખ્ય કાર્ય અહીં દાખલ થતા દર્દીઓનું એટેન્ડન્સ લેવાનું છે, આ ઉપરાંત ડિસ્ચાર્જ થતા દર્દીઓને સર્ટી તથા જરૂરી દવાઓ ઉપલબ્ધ કરાવવી કોવીડ-૧૯ ખાતે કાર્યરત તમામ સ્ટાફની આપૂર્તી જળવાઈ રહે તેમજ ફલોરમાં ઓકસીજન વેન્ટીલટર સહિતના તમામ સાધનો સતત કાર્યરત રહે અને કોઈપણ વિક્ષેપ વગર સારવારમાં ચાલુ રહે તે રીતે દરેક પેશન્ટથી લઈને તમામ સ્ટાફનું મેનેજમેન્ટ કરવાનું રહે છે. ફરજ દરમિયાન કોરોનાના લક્ષણો જણાતાં મે ટેસ્ટ કરાવ્યો અને મારો રિપોર્ટ પોઝિટિવ આવતા હું ૧૪ દિવસ સુધી હોમ આઈસોલેટ થયો, ત્યાં આરોગ્ય તંત્ર દ્વારા સુયોગ્ય સારવાર મળતા હું કોરોના મુક્ત થયો અને ફરી ફરજ પર જોડાયો, ત્યારબાદ હું ઓટોપ્સી વિભાગમાં જોડાયો જ્યાં મારા ફોરેન્સિક સાયન્સના જ્ઞાનને કારણે હું ઓટોપ્સી વિભાગને ઉપયોગી થઈ શક્યો, હાલ હું ફરી સિવિલ હોસ્પિટલમાં કાર્યરત છું, કોરોના મુકત થયા બાદ મેં બે વખત પ્લાઝ્મા ડોનેટ કર્યું છે. કોરોના વાયરસ દર્દીઓના ફેફસાને અસર કરે છે ત્યારે તેમાંથી રિકવરી મેળવવા માટે પ્લાઝમા થેરાપી ખૂબ અસરકારક પુરવાર થઈ રહી છે. મારા શરીરમાં વિકસિત થયેલા એન્ટીબોડી અન્યોની જીવનરક્ષા માટે ઉપયોગી શઈ શકે તેનાથી ઉત્તમ શું હોય ? તેથી હું સર્વેને પ્લાઝમા ડોનેટ કરવા માટે અનુરોધ કરું છું" આમ કોરોના સંક્રમણથી તમામ દર્દીઓને મુકત કરવા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને આપતી ટ્રીટમેન્ટની પ્રત્યેક પ્રકિયામાં સેવારત તમામ આરોગ્યકર્મીઓ સન્નિષ્ઠ ફરજ બજાવી રહયા છે

# પાંચ મતદાન મથકની સમગ્ર તમામ કામગીરી માત્ર મહિલાઓને સોંપાઈ: સખી મતદાન મથક ઉભા કરાયા





કમલમ દૈનિક, મોરબી

મોરબી માળીયા વિધાનસભા મતવિસ્તારમાં ચૂંટણી પંચ દ્વારા નવતર પહેલ કરી માત્ર મહિલા કર્મચારીઓ દ્વારા સંચાલિત પાંચ સખી મતદાન મથકો ઊભા કરાયા હતા. જેમાં પ્રિસાઈડીંગ ઓફિસર, પોલીંગ ઓફિસર તેમજ આરોગ્ય અને પોલીસના વિભાગોની મહિલા કર્મચારીઓ મહિલા સશકિતકરણને સાર્થક કરતા જોવા મળી રહયા છે. મોરબી-માળીયા વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત ચૂંટણી પંચ દ્વારા સમગ્ર મતવિસ્તારમાં પાંચ જેટલા સખી મતદાન મથક બનાવવામાં આવ્યા હતા. જેમાં મોરબીના નિર્મલ વિદ્યાલય, ઓમ શાંતિ વિદ્યાલય, જે.એ. પટેલ આર્ટસ કોલેજ, સરદાર પટેલ કન્યા વિદ્યાલય, વિવેકાનંદ કન્યા વિદ્યાલય મતદાન મથકનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પાંચેય આદર્શ મતદાન મથક મોરબી ખાતે શિક્ષણ અને આંગણવાડીની મહિલાઓ સંચાલિત સખી મતદાન મથકમાં નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ની ગાઈડલાઈન મુજબ કામગીરી કરી રહયા હતા. સખી મતદાન મથકના પ્રિસાઈડીંગ ઓફીસર વનિતાબેન કગથરાએ આ કામગીરીને વધાવી ચૂંટણીની કામગીરીનો આનંદ વ્યકત કર્યો હતો. આ સાથે જ મહિલાઓ પણ તમામ ક્ષેત્રે સફળતાપૂર્વક કાર્ય કરી શકે છે તેમ સાબિત કરી બતાવવાની તક મળી હોવાનું પણ ગર્વભેર જણાવ્યું હતું.



# રાજકોટ જિલ્લા ભાજપ દ્વારા શ્રદ્ધેય સ્વ.કેશુબાપાને પુષ્પાંજલિ સાથે આદરાંજલી અર્પણ

## સૌરાષ્ટ્ર-ગુજરાતને પાણીદાર ખેડૂત નેતાની ખોટ પડી છે. બાપાના કોઠા સૂઝથી સૌરાષ્ટ્ર પાણીદાર છે:- સખીયા-મેતા-કથીરિયા- સાગઠિયા

કમલમ દૈનિક,

રાજકોટ જિલ્લા ભાજપ દ્વારા આજ રોજ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને સૌરાષ્ટ્ર-ગુજરાતના પાણીદાર ખેડૂત નેતા પરમ શ્રદ્ધેય સ્વ. કેશુભાઈ પટેલ (કેશુબાપા) ને શ્રદ્ધાંજલિ સાથે પુષ્પાંજલિ આપવાનો કાર્યક્રમ આજ રોજ રાજકોટ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ડી.કે.સખીયા, મહામંત્રીશ્રી ભાનુભાઈ મેતા, રાષ્ટ્રીય કામધેનુ આયોગના ચેરમેન શ્રી વલ્લભભાઈ કથીરિયા,ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠિયા, ડેરીના નવનિયુકત ચેરમેનશ્રી ગોરધનભાઈ ધામેલીયા સહિત જિલ્લા ભરના આગેવાનો, મંડલ મોરચાના પ્રમુખ/ મહામંત્રીશ્રીઓ ઉપસ્થિત રહી આદરણીય કેશુબાપાને સ્મરાંજલી સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ હતી. જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ડી.કે.સખીયા, મહામંત્રીશ્રી ભાનુભાઈ મેતા, આયોગના ચેરમેનશ્રી ડો.વલ્લભભાઈ કથીરિયા, ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠિયાએ બાપા સાથેના સ્મરણો યાદ કરી જણાવ્યુ હતું કે, ગુજરાતના વર્ષો જૂનો પાણી પ્રશ્નો બાપાની કોઠા સૂઝથી ઉકેલાયો છે. નર્મદાના નીર દ્વારા સિંચાઈનું અને પીવાનું પાણી લોકોને ખાસ કરી સૌરાષ્ટ્ર વાસીઓને મળે તે તેના આભારી છે. જેથી બાપાને પાણીદાર નેતા પણ કહી શકાય ગામડાઓની કાયાપલટ પણ બાપાની જ દેન છે. આ રીતે તેમને કરેલા કાર્યોનું સ્મરણો કરી આદરાંજલી સાથે ભાવાંજલી અર્પણ કરેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી ભાનુભાઈ મેતાએ તેમજ વ્યવસ્થા અને કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા આઈ.ટી.સોશ્યલ મીડિયાના ઈન્ચાર્જશ્રી હિરેન જોશી, અલ્પેશ અગ્રવાત, જયેશ પંડ્યા, વિવેક સાતા, કિશોર રાજપૂત અને વિવેક વિરડીયાએ જહેમત ઉઠાવી હતી.

# ગાંધીનગરથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે "ગાંધીવિચાર મંજૂષા ૨૦૨૦" પુસ્તકનું વિમોચન કરાયું



**GTU દ્વારા તૈયાર કરેલ પુસ્તકમાં અધ્યાપકો-વિદ્યાર્થીઓની શ્રેણી દ્વારા ગાંધીવિચાર ઉપર નિબંધ સ્પર્ધા અને વિવિધ વ્યાખ્યાનો રજૂ કરાયા**

કમલમ દૈનિક,

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગાંધીનગરથી મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલ "ગાંધીવિચાર મંજૂષા ૨૦૨૦" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. ગાંધી વિચારને લોકો જાણે અને સમજે તે માટે GTU દ્વારા તૈયાર કરેલ પુસ્તકમાં વિદ્યાર્થીઓની શ્રેણી દ્વારા "૨૧મીસદીમાંગાંધીવિચારની પ્રસ્તુતતા" અને અધ્યાપક શ્રેણીમાં "એજન્ડા 2030(SDG) સિદ્ધ કરવામાં ગાંધીવિચારની ભૂમિકા" વિષય ઉપર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં ૩૦૦૦ શબ્દોની નિબંધ સ્પર્ધામાં કુલ ૧૦ વિજેતાઓને રૂ. ૨૧,૦૦૦થી રૂ. ૧૦૦૦ સુધીના પારિતોષિક આપીને સન્માનિત કરાયા હતા. આ બંને શ્રેણીમાં પ્રથમ ૧૦ વિજેતાના વિદ્યાર્થી અને અધ્યાપકોના નિબંધ ગાંધીવિચાર મંજૂષા ૨૦૨૦ પુસ્તકમાં સમાવવામાં આવ્યા છે. આ નિબંધ સ્પર્ધામાં અધ્યાપક શ્રેણીમાં ૫૫ અધ્યાપકોએ જ્યારે વિદ્યાર્થી શ્રેણીમાં કુલ ૩૨૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાંથી શ્રેષ્ઠ ૧૦ વિદ્યાર્થી અને અધ્યાપકોની પસંદગી કરવામાં આવી છે. આ વિમોચન પ્રસંગે GTUના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠ, કુલસચિવ ડૉ. કે. એન. ખેર, આસિસ્ટન્ટ રજિસ્ટાર ડૉ. અશોક ચાવડા અને ડૉ. ગોહિલ સહિત પ્રોફેસરો ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની કાંકરેજના પૂર્વ ધારાસભ્ય સ્વ.ધારસીભાઈ ખાનપુરાને શ્રદ્ધાંજલિ



કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કાંકરેજના પૂર્વ ધારાસભ્ય સ્વ.ધારસીભાઈ ખાનપુરાના દુઃખદ અવસાન અંગે શોક વ્યક્ત કરી શ્રદ્ધાંજલી પાઠવી છે. મુખ્યમંત્રીશ્રી એ સદગતને અંજલિ આપતા જણાવ્યું છે કે, બનાસકાંઠા જિલ્લાના કાંકરેજના પૂર્વ ધારાસભ્ય શ્રી ધારસીભાઈ ખાનપુરાના દુઃખદ અવસાનથી શોકમગ્ન છું. પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ બક્ષે એવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના પણ મુખ્ય મંત્રીશ્રી એ કરી છે.

# ચોખાનું ફોર્ટિફિકેશન કરવા અને સરકારી વિતરણ વ્યવસ્થા મારફતે એનું વિતરણ કરવાની કેન્દ્ર સરકાર પ્રાયોજિત પ્રાયોગિક યોજનાનો અમલ કરવા માટે ૧૫ રાજ્યોની ઓળખ કરવામાં આવી

## કુલ રૂ. ૧૭૪.૬ કરોડના અંદાજિત ખર્ચની સાથે પ્રાયોગિક યોજનાને ત્રણ વર્ષ માટેની મંજૂરી મળી છે, જેની શરૂઆત ૨૦૧૯-૨૦૨૦થી થઈ છે



### દેશના વિશેષ પસંદ કરવામાં આવેલા ૧૧૨ આકાંક્ષી જિલ્લાઓને ફોર્ટિફાઈડ ચોખાનો પુરવઠો પૂરો પાડવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે

કમલમ દૈનિક,

દેશને પોષણની સુરક્ષા તરફ અગ્રેસર કરવાની પ્રક્રિયા શરૂ કરવા ખાદ્ય અને સરકારી વિતરણ વિભાગ (ડીએફપીડી)એ "ચોખાનું ફોર્ટિફિકેશન (સૂક્ષ્મ પોષક દ્રવ્યો ઉમેરીને વધુ પોષક બનાવવાની પ્રક્રિયા) અને સરકારી વિતરણ વ્યવસ્થા મારફતે એનું વિતરણ કરવાની કેન્દ્ર સરકાર પ્રાયોજિત પ્રાયોગિક યોજના" શરૂ કરી છે. આ પ્રાયોગિક યોજનાને ત્રણ વર્ષના ગાળા માટે મંજૂરી મળી છે, જેની શરૂઆત ૨૦૧૯-૨૦થી થઈ છે. આ યોજના માટે કુલ રૂ. ૧૭૪.૬ કરોડનો ખર્ચ કરવાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. ૧૫ રાજ્ય સરકારોએ તેમના રાજ્યોના જિલ્લાઓ (દરેક રાજ્યદીઠ એક જિલ્લો)ની ઓળખ કરી છે, જેમાં આ યોજનાનો પ્રાયોગિક ધોરણે અમલ થઈ રહ્યો છે. આંધ્રપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને છત્તીસગઢ) એમ કુલ પાંચ રાજ્યોએ ફોર્ટિફાઈડ ચોખાનું વિતરણ તેમના રાજ્યોના પસંદ કરેલા જિલ્લાઓમાં શરૂ કર્યું છે. આ સંબંધમાં કેન્દ્રીય ખાદ્ય અને ઉપભોક્તા સંબંધિત બાબતો, રેલવે, વેપારવાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયૂષ ગોયલે ૩૧.૧૦.૨૦૨૦ના રોજ એમની સમીક્ષા બેઠકનું આયોજન કર્યું હતું. તેમણે આ બેઠકમાં દેશમાં ફોર્ટિફાઈડ ચોખાનું વિતરણ વધારવા પર ભાર મૂક્યો હતો. એક વધુ બેઠક ૦૨.૧૧.૨૦૨૦ના રોજ યોજાઈ હતી, જેની અધ્યક્ષતા ડીએફપીડીના સચિવે કરી હતી. આ બેઠકમાં એફસીઆઈ (ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા)ને ૨૦૨૧-૨૦૨૨થી સંપૂર્ણ બાળ વિકાસ સેવાઓ (આઈસીડીએસ) અને મધ્યાહ્ન ભોજન (એમડીએમ) યોજના અંતર્ગત દેશના તમામ જિલ્લાઓમાં ફોર્ટિફાઈડ ચોખાની ખરીદી અને વિતરણ કરવા માટે વિસ્તૃત યોજના રજૂ કરવાનું કહેવાયું છે. ખાસ ધ્યાન દેશના વિશેષ ઓળખ કરાયેલા ૧૧૨ આકાંક્ષી જિલ્લાઓને ફોર્ટિફાઈડ ચોખાનો પુરવઠો પૂરો પાડવા પર કેન્દ્રિત કરવામાં આવશે. આ સંબંધમાં આજે નીતિ આયોગના સીઈઓએ ખાદ્ય અને સરકાર વિતરણ વિભાગના સચિવ, એફએસએસએઆઈના સીઈઓ તથા ટાટા ટ્રસ્ટ, વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ, પાથ, ન્યૂટ્રિશન ઈન્ટરનેશનલ વગેરે જેવા અન્ય હિતધારકો સાથે ચોખાના ફોર્ટિફિકેશનની કામગીરીમાં થયેલી પ્રગતિની અને ભવિષ્યની કામગીરીની ચર્ચા પણ કરી હતી. દેશમાં આકાંક્ષી જિલ્લાઓમાં સંપૂર્ણ બાળ વિકાસ યોજના/મધ્યાહ્ન ભોજન યોજનાને આવરી લેવા "ચોખાનું ફોર્ટિફિકેશન અને એના વિતરણ"ની યોજનાનો વ્યાપ વધારવા પુરવઠાની સાંકળ અને અન્ય લોજિસ્ટિક જરૂરિયાતો પર ચર્ચા થઈ હતી. ઉપરોક્ત લક્ષ્યાંકને હાંસલ કરવા ફોર્ટિફાઈડ રાઈસ કર્નલ્સ (ચોખાના દાણામાં સૂક્ષ્મ પોષક દ્રવ્યો ઉમેરવાની પ્રક્રિયા) (એફઆરકે)નો પુરવઠો વધારવાની જરૂરિયાત છે. અત્યારે એની ઉપલબ્ધતા દર વર્ષે ૧૫,૦૦૦ એમટી જેટલી ઓછી કે નહીંવત છે. પીડીએસ, આઈસીડીએસ અને એમડીએમ માટે ૧૧૨ આકાંક્ષી જિલ્લાઓને આવરી લેવા માટે દેશમાં એફઆરકે પુરવઠાની ક્ષમતા વધારીને આશરે ૧.૩ લાખ એમટી કરવાની જરૂર પડશે. જો સરકાર વિતરણ માટે ઓર્ડર કરેલા આશરે ૩૫૦ લાખ એમટી ચોખાનું ફોર્ટિફિકેશન કરવું હોય, તો પછી ઉદ્યોગમાંથી આશરે ૩.૫ લાખ એમટી એફઆરકેની પુરવઠાની સાંકળ ઊભી કરવી પડશે અને આ પુરવઠો સતત મળે એવી વ્યવસ્થા કરવી પડશે. વળી દેશમાં ચોખાની આશરે ૨૮,૦૦૦ મિલો છે, જેને સામાન્ય ચોખા સાથે એફઆરકે મિશ્ર કરવા માટે બ્લેન્ડિંગ મશીન વગેરે સાથે સજ્જ કરવાની જરૂર પડશે. એફસીઆઈને આ સંબંધમાં જરૂરી રોકાણ માટે વિવિધ વિસ્તારોમાં ચોખાની મિલો સાથે જોડાણ કરવાની સૂચના આપવામાં આવી છે. એફસીઆઈની કામ કરવાની સજ્જતાથી ૨૦૨૧-૨૦૨૨થી તબક્કાવાર રીતે ફોર્ટિફાઈડ ચોખાની ખરીદી અને પુરવઠો સફળતાપૂર્વક વધારવામાં મદદ મળશે.

# રાજ્ય સરકારની અસરકારક પરિણામ લક્ષી કામગીરીના પરિણામે રાજ્યમાં કોવિડ-૧૯ના કેસોમાં સતત ઘટાડો

## કોરોનાની સારવારમાં વપરાતી દવાઓની માંગમાં ધરખમ ઘટાડો: ડો.એચ.જી.કોશિયા

- રાજ્યમાંથી હજુ કોરોનાનો વાયરસ ગયો નથી : નાગરિકોએ ડરવાને બદલે સાવચેતી રાખવાની ખુબ જરૂર
- યોગ્ય સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્ક પહેરવું તથા વારંવાર સાબુથી હાથ ધોવા, સેનેટાઈઝર વાપરવું અનિવાર્ય




કમલમ દૈનિક,

ઔષધ નિયમન કમિશ્નર શ્રી ડૉ.એચ.જી.કોશિયાએ જણાવ્યું છે કે, રાજય સરકારની અસરકારક પરિણામ લક્ષી કામગરીના પરિણામે રાજ્યમાં કોવિડ-૧૯ના કેસોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે તેમજ કોરોનાની સારવારમાં વપરાતી દવાઓની માંગમાં પણ ધરખમ ઘટાડો થઈ રહ્યો છે. શ્રી કોશિયાએ ઉમેર્યુ કે,સમગ્ર વિશ્વમાં કોવિડ-૧૯ માર્ચ-૨૦૨૦થી પેન્ડેમિક સ્વરૂપે ફેલાવો થતાં માર્ચ-૨૦૨૦થી મીડ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી કોવિડ-૧૯ના કેસમાં સતત વધારો દેશમાં અને રાજ્યમાં જોવા મળ્યો હતો કોરોનાના સંક્રમણને અટકાવવા માટે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ.જયંતી રવિના માર્ગદર્શન હેઠળ સમય બધ્ધ આયોજનના પરિણામે સંક્રમણ અટકાવવામા સફુળતા મળી છે.તેમણે કહ્યુ કે, કોવિડ-૧૯ની સારવારમાં વપરાતો મેડિકલ ઓકસીજન આઈ.પી.અને રેમડેસીવીર ઈન્જેકશન તથા ફેવિપિરાવીર ટેબલેટ ૨૦૦ મિલીગ્રામ અને ૪૦૦ મિલીગ્રામ ની માંગમાં અને વપરાશમાં સતત વધારો જોવા મળેલ હતો. તેમણે ઉમેર્યુ કે,ઓક્ટોબર ૨૦૨૦થી કોવિડ-૧૯ના નવા તથા એકટીવ કેસની સંખ્યામાં પણ ઉત્તરોત્તર ઘટાડો થતાં કોવિડ-૧૯ની સારવાર માટે લાઈફ સેવિંગ એવા, મેડિકલ ઓક્સિજનની માંગ અને વપરાશ જે સપ્ટેમ્બર-૨૦૨૦માં ૨૪૦ મેટ્રિક ટન પર ડે હતી તે ઓક્ટોબર અંતમાં ઘટીને ૧૩૫ મેટ્રીક ટન પર ડે એટલે કે પ્રતિ દિન વપરાશમાં ૧૦૦ મેટ્રિક ટનનો ઘટાડો જોવા મળેલ છે તે જ રીતે મોડરેટ અને સીવીયર કોવિડ-૧૯ દર્દીની સારવાર માટે જરૂરી એવા રેમડેસીવીર ઈન્જેકશન જે સપ્ટેમ્બર માસમાં ૧ લાખ ૮૦ હજાર હતો તેનો ઓક્ટોબરમાં વપરાશ ફકત ૮૩ હજાર ઈન્જેકશનનો (ઓપન માર્કેટમાં) તથા રાજય સરકારની હોસ્પિટલોમાં ૪૦ હજારનો વપરાશ હતો તે ઘટીને ૩૦ હજાર ઈન્જેકશન જેટલો થયો છે. શ્રી કોશિયા એ કહ્યુ કે,કોવિડ-૧૯ના માઈલ્ડ કેસમાં સારવાર માટે વપરાતી ફેવીપિરાવિર ટેબલેટ ૨૦૦ મિલીગ્રામ જે સપ્ટેમ્બરમાં ૨૬ લાખ ટેબલેટનો વપરાશ હતો તે ઓક્ટોબરમાં ઘટીને ૪ લાખ જેટલો નીચે આવ્યો છે. તે જ રીતે ફેવિપિરાવિર ૪૦૦ મિલીગ્રામ ટેબલેટ જે સપ્ટેમ્બરમાં ૬ લાખ જેટલી ટેબલેટનો વપરાશ હતો તે ઘટીને ૨.૮ લાખ સુધી નીચે આવ્યોછે. આમ, રાજયમાં કોરોનાના કેસ ઘટી રહયા છે અને સાથે સાથે તેની સારવારમાં ઉપયોગી એવા મેડિકલ ઓક્સિજન, રેમડેસીવીર ઈન્જેકશન અને ફેવિપિરાવિર ટેબલેટની માંગ અને વપરાશમાં મોટો ઘટાડો જોવા મળેલ છે. જે રાજય માટે રાહતના સમાચાર છે. તેમણે ઉમેર્યુ કે,હજુ કોરોનાનો વાયરસ ગયો નથી ત્યારે નાગરિકોએ ડરવાને બદલે સાવચેતી રાખવાની ખુબ જરૂર છે આ માટે યોગ્ય સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્ક પહેરવું તથા વારંવાર સાબુથી હાથ ધોવા, સેનેટાઈઝર વાપરવું જેથી કરીને કોવિડ-૧૯ના સંક્રમણને ફેલાતો અટકાવી શકાય.નાગરિકોને જે રીતે સહયોગ મળી રહ્યો છે એવો જ સહયોગ આગામી સમયમા મળતો રહેશે તો ચોકકસ કોવિડ-૧૯ના કેસો ઉતરોત્તર જે રીતે ઘટા રહ્યા છે એમાં વધુ ઘટાડો થશે અને ગુજરાત કોરોનામુકત ઝડપથી બનશે આ માટે રાજયના તમામ નાગરિકોએ સાવચેતી રાખવી તેટલી જ અગત્યની છે.

# સરખેજ ડીસા લોકલ એસટી બસ ચાલુ થતાં મુસાફરો માં આનંદ ની લાગણી




કમલમ દૈનિક,

ગુજરાત એસટી તંત્ર દ્વારા કલોલ ડેપો સંચાલિત સરખેજ ડીસા એસટી રુટ ચાલુ થતાં આ રુટ માં આવતા તમામ ગામો ના લોકો માં આનંદ ની લાગણી છવાઈ ગઈ છે આ બસ સવારે સરખેજ થી ઉપડી વાયા મહેસાણા ચાણસ્મા પાટણ થ?ઈ તેના નિયત સમયે ડીસા પહોંચી પરત આજ રુટ પર નિયત સમયે ઉપડી સરખેજ આવશે આ બસ શરૂ થવાથી ચાણસ્મા પાટણ ડીસા જવા માટે ખુબ જ ઉપયોગી રહેશે આર્થિક રીતે પોષાય અને સલામત મુસાફરી માટે આ ઉપયોગી એસટી રુટ ચાલુ કરવા બદલ એસટી તંત્ર નો ખુબ ખુબ આભાર સામાજિક કાર્યકર ધીરજ વી રબારી ડેર

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028